ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# વડોદરા-છોટાઉદેપુર



### વહેલી સવારે બસ-ખાનગી વાહનોમાં સપ્લાય, ઊંચા ભાવ માટે શહેરમાં વેચાણ

# ડભોઈમાં બનાવાતો શંકાસ્પદ માવો વડોદરા શહેરમાં ઠલવાય છે! તંત્ર મૌન કેમ?

**સિન્થેટિક** માવાની ચર્ચા, આરોગ્ય સાથે ચેડાં છતાં કોઈ કાર્યવાહી નહીં

(પ્રતિનિધિ) ડભોઈ, તા.18

ડભોઈ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં મોટા પાયે બનતો માવો વડોદરા શહેરમાં ઠલવાતો હોવાનો ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ, વહેલી સવારે અને મોડી રાત્રે તૈયાર થતો માવો બસો અને ખાનગી વાહનો મારફતે વડોદરા શહેરમાં ઊંચા ભાવમાં વેચાણ માટે મોકલવામાં આવે છે.

માહિતી મુજબ, દૂધની અછત હોવા છતાં માવાનું ઉત્પાદન મોટા પાયે થઈ રહ્યું છે, જેને કારણે તેની ગુણવત્તા અંગે પ્રશ્નો ઉભા થયા છે. આંતરિક સૂત્રોનું કહેવું છે કે માવામાં દૂધ સિવાય અન્ય કૃત્રિમ (સિન્થેટિક) તત્વો મિક્સ કરીને તૈયાર કરવામાં આવે છે, જે લોકોના આરોગ્ય માટે જોખમરૂપ બની શકે છે.

વહેલી સવારે આ માવાને કંતાનમાં બાંધી બસ અથવા ખાનગી વાહનોમાં નીચે મુકીને શહેર તરફ મોકલવામાં આવે છે. મુસાફરોના પગ લાગતા હોવા છતાં આ માવાનો કોઈ જ સેનિટરી ધોરણ રાખવામાં આવતો નથી, જે ગંભીર બેદરકારી દર્શાવે છે.



આ ઉપરાંત, ઘણા ઉત્પાદકો બિનગુજરાતી હોવાના તથા ગ્રામ પંચાયતને ભરવાના વ્યવસાય વેરા પણ ન ભરતા હોવાની વિગતો સામે આવી છે.

સૌથી ચોંકાવનારી બાબત એ છે કે ડભોઈ વિસ્તારમાં ફૂડ ઈન્સ્પેક્ટરની જગ્યા લાંબા સમયથી ખાલી છે અને જિલ્લા પંચાયત તરફથી નિયમિત તપાસ પણ થતી નથી. જેના કારણે આવા માવા ઉત્પાદકોને ખુલ્લું મેદાન મળી ગયું છે.

## વિશ્રામપુરા ગામની સીમમાં યુવકે ઝેરી દવા પી આત્મહત્યાનો પ્રયાસ

પાદરા, તા.18

પાદરા તાલુકાના વિશ્રામપુરા ગામની સીમમાં એક યુવકે જંતુનાશક ઝેરી દવા પી આત્મહત્યાનો પ્રયાસ કરતાં તેને તાત્કાલિક સારવાર માટે પહેલા વડુ સીએચસી અને ત્યારબાદ વધુ સારવાર માટે વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પ્રાપ્ત માહિતી મુજબ, મુવાલ ગામના રામદેવપીરવાળું ફળિયે રહેતા કેતનભાઈ ઈશ્વરભાઈ રોહિત, ઉંમર ૩૨ વર્ષ, નોકરી કરી જીવનનિર્વાહ કરતા હોય, તેઓએ વિશ્રામપુરા ગામની સીમમાં આવેલા પોતાના ખેતરે જંતુનાશક ઝેરી દવા પી લીધી હતી. પ્રાથમિક જાણ મુજબ, ઘણી મોટી ઉંમર થવા છતાં લગ્ન નહીં થતા જીવનથી કંટાળી જઈ તેમણે આ પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે.

### ક્ષમતા કરતાં વધુ મુસાફરો ભરતા કાર્યવાહી, આરટીઓ મેમો ફટકારાયો

# ઓવરલોડ તુફાન ગાડીઓ પર પોલીસની લાલ આંખ: જેતપુર પાવીમાં 3 વાહનો ડિટેન

**તાપમાં** અટવાયા શ્રમિકો, મહિલાઓ-બાળકોને હાલાકી

(પ્રતિનિધિ) જેતપુર પાવી,તા.18

ઓવરલોડ મુસાફરો સાથે દોડતી તુફાન ગાડીઓ સામે જેતપુર પાવી પોલીસ તંત્રએ કડક કાર્યવાહી હાથ ધરી છે. મધ્ય પ્રદેશથી ગુજરાતમાં મજૂરી માટે આવેલા શ્રમિકો પોતાના વતન પરત ફરી રહ્યા હતા ત્યારે ત્રણ ક્રુઝર તુફાન ગાડીઓમાં ક્ષમતા કરતાં ઘણાં વધુ મુસાફરો ભરી દેવાયા હોવાનું સામે આવ્યું હતું.



આ ગાડીઓમાં મુસાફરો ખીચોખીચ ભરાયેલા હતા અને જોખમી રીતે સામાન પણ લાદવામાં આવ્યો હતો, જેના કારણે કોઈપણ સમયે ગંભીર અકસ્માત સર્જાઈ શકે તેવી સ્થિતિ ઊભી થઈ હતી. મામલો ગંભીર જણાતા પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને આરટીઓ મેમો ફટકારી ત્રણેય ગાડીઓને ડિટેન કરી લીધી હતી.

માહિતી મુજબ, વધુ નફો કમાવાની લાલચમાં કેટલાક વાહનચાલકો મુસાફરોના જીવ સાથે રમતા હોવાનું સામે આવ્યું છે. જોકે, પોલીસ કાર્યવાહી બાદ ગાડીઓમાં રહેલા મુસાફરો–ખાસ કરીને મહિલાઓ અને નાના બાળકો–ને કલાકો સુધી તાપમાં ઉભા રહેવું પડ્યું હતું, જેના કારણે તેમને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો.

### ભૂલકાઓ હવે એઆઈ ટેકનોલોજીથી મેળવશે શિક્ષણ

# વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકામાં એ.આઈ.થી સજ્જ ૩ સ્માર્ટ આંગણવાડીઓ ખુલ્લી મૂકવામાં આવી

**ગજાદરા,** સોમેશ્વરપુરા અને વ્યારા ખાતે આધુનિક સુવિધાઓથી સજ્જ ડીજીટલ સ્માર્ટ આંગણવાડીઓ

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.18

વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકાના ભૂલકાઓ માટે અત્યાધુનિક સુવિધાઓ પૂરી પાડવાના હેતુથી વોલ્ટાસ લિમિટેડની સી. એસ. આર. પહેલ અંતર્ગત અંબુજા ફાઉન્ડેશન દ્વારા તૈયાર કરવામાં આવેલી ડિજિટલ સ્માર્ટ આંગણવાડીઓ ખુલ્લી મૂકવામાં આવી છે.



વાઘોડિયા તાલુકાના ૧૧ ગામોમાં કાર્યરત સંકલિત સામુદાયિક વિકાસ કાર્યક્રમ હેઠળ આરોગ્ય અને શિક્ષણના ક્ષેત્રમાં હાથ ધરાયેલા પ્રોજેક્ટના ભાગરૂપે આ કામગીરી કરવામાં આવી છે, જેથી બાળકો પ્રાથમિક કક્ષાએથી જ વાંચન, ગણન અને લેખનમાં સજ્જ બની શકે.

તાલુકા મહિલા અને બાળ વિકાસ અધિકારી શ્રીમતી મોનીષાબેન પંચાલની અધ્યક્ષતામાં તા. ૧૬ માર્ચને સોમવારે સોમેશ્વરપુરા ખાતે આ સ્માર્ટ આંગણવાડીઓના ઉદઘાટન અને હસ્તાંતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે શ્રીમતી પંચાલે વોલ્ટાસ કંપની અને અંબુજા ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવેલી લોકપયોગી કામગીરીને બિરદાવી હતી અને ગ્રામજનોના સહકાર બદલ અભિનંદન પાઠવ્યા હતા.

આ આયોજનના પ્રથમ તબક્કા હેઠળ ગજાદરા, સોમેશ્વરપુરા અને વ્યારા ગામની આંગણવાડીઓને ડિજિટલ સ્માર્ટ આંગણવાડીમાં પરિવર્તિત કરવામાં આવી છે.

# ડભોઈ પોલીસે વિદેશી શરાબનો જથ્થો ઝડપી પાડયો

(પ્રતિનિધિ) ડભોઈ, તા.18

વડોદરા જિલ્લા પોલીસ અધિક્ષક સુસિલ અગ્રવાલ ની સુચના અને નાયબ જિલ્લા પોલીસ અધિકારી આકાશ પટેલ ના માર્ગદર્શન હેઠળ ઓપરેશન પરાક્રમ હેઠળ દારૂ જુગાર ની બદી ડામી દેવા ની સુચના ઓ બાદ ડભોઈ પોલીસ ના પી.આઈ જે.એમ.ચાવડા ના રાહબરી હેઠળ ડભોઈ પોલીસ ને બાતમી મળેલ કે થરવાસા ચોકડી થઈ કાયાવરોહણ તરફ ભારતીય બનાવટ ના વિદેશી શરાબ ભરેલી ઈકો ગાડી GJ - 24 -AF - 1923 સદર જગ્યાએ આવતા રોકી તપાસ કરતા પ્લાસ્ટિક ના કવાટર ની પેટી અને છુટા કવાટર મળી કુલ નંગ ૪૩૧ જેની કુલ કિંમત ૨, ૦૨, ૧૩૯ /- મોબાઈલ



૧૦, ૦૦૦/- ઈકો ગાડી ની કિંમત ૧,૫૦ ,૦૦૦/- મળી કુલ ૩,૬૨,૧૩૯ /- નો મુદ્દામાલ જપ્ત કરી બે ઈસમો ની ધરપકડ કરી પોલીસે પ્રોહિબિસન ની કલમો લગાડી કાર્યવાહી હાથ ધરી છે પી.આઈ. જે.એમ.ચાવડા સાથે અ.હે.કો રાજેન્દ્રસિંહ, આ.હે.કો. દિનેશભાઈ , અ.હે.કો. યુવરાજ સિંહ અને અ હે.કો અર્જુન ભાઈ એ કામગીરી કરી છે હવે પોલીસ આ જથ્થો કોણે કોના માટે મંગવ્યો ની તપાસ હાથ ધરે તો ચોક્કસપણે ચોકાવનારી વિગતો બહાર આવી શકે છે.

### બે બાઈક અથડાતા મામલો ઉગ્ર બન્યો હતો

# ઉમરાયા ગામે અકસ્માત બાદ મારામારી: પૂર્વ સરપંચ સહિત 13 સામે ફરિયાદ

(પ્રતિનિધિ) પાદરા, તા.18

પાદરા તાલુકાના ઉમરાયા ગામે બે બાઈક અથડાતા મામલો ઉગ્ર બન્યો હતો અને ત્યારબાદ બંને પક્ષ વચ્ચે મારામારી તથા ધમકીનો બનાવ બનતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે. બનાવમાં પૂર્વ સરપંચ સહિત ૧૩ લોકો સામે ફરિયાદ નોંધવામાં આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ગઈકાલે સાંજે આશરે ૭ વાગ્યાના સુમારે ઉમરાયા ગામે ભદ્રસિંહ બચુભાઈ સિંધાના ખેતર પાસે આવેલા વળાંક ઉપર ધવલભાઈની સ્પ્લેન્ડર મોટરસાયકલ અને માજી સરપંચ ભુપેન્દ્રસિંહ સિંધાની બુલેટ મોટરસાયકલ વચ્ચે અથડામણ



થઈ હતી. આ બાદ બોલાચાલી વધીને મામલો હાથાપાઈ સુધી પહોંચ્યો હતો.

ફરિયાદ મુજબ, અકસ્માત બાદ ભુપેન્દ્રસિંહ સિંધાએ ધવલભાઈને પકડી રાખ્યા હતા અને ત્યારબાદ ભારતસિંહ ગુલાબસિંહ સિંધા, રણજીતસિંહ ગુલાબસિંહ સિંધા તથા હિતેશ ભરતસિંહ સિંધાએ મારામારી કરી હતી. ધવલભાઈને છોડાવવા માટે વચ્ચે પડેલા હાલના ઉમરાયા ગ્રામ પંચાયતના સરપંચ અર્જુનસિંહ મંગળસિંહ પઢિયાર પર પણ હુમલો થયો હોવાનો આક્ષેપ છે. ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે, ત્યારબાદ સુરસંગ પુજાભાઈ સિંધા, લક્ષ્મીબેન રણજીતસિંહ સિંધા, મહેશભાઈ બુધાભાઈ પઢિયાર, મુકેશ ઉર્ફે મુન્નો ગુલાબસિંહ સિંધા, નારસંગ ગેમલસિંહ સિંધા, સતિષ પ્રવિણભાઈ સિંધા, રાજુભાઈ મોહનભાઈ પઢિયાર, કપિલાબેન રાજુભાઈ પઢિયાર તથા દિલીપસિંહ બુધાભાઈ પઢિયાર સહિતના લોકો પણ એકત્ર થઈ ગયા હતા. તેઓએ ગાળો બોલી ધક્કામુક્કી અને મારામારી કરી હતી.

### ચાંદોદના પરિવાર સાથે ઠગાઈ બાદ ચેક બાઉન્સ કેસમાં સજા

# ડભોઈના 'બંટી-બબલી' કેસમાં કોર્ટનો ચુકાદો: બબલીને એક વર્ષની જેલ

**ડબલ** રકમ ચૂકવવાનો હુકમ, પતિનો કેસ પણ અંતિમ તબક્કે

(પ્રતિનિધિ) ડભોઈ, તા.18

ચેક બાઉન્સના કેસોમાં કોર્ટ દ્વારા કડક વલણ અપનાવવામાં આવી રહ્યું છે. આવી જ એક નોંધપાત્ર ઘટનામાં ડભોઈના કહેવાતા 'બંટી-બબલી' પૈકી બબલી એટલે કે શ્વેતા પ્રણવ તમાકુવાલાને કોર્ટ દ્વારા એક વર્ષની સાદી કેદ અને ચેકની રકમના ડબલ ચૂકવવાનો હુકમ કરવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ, ચાંદોદના સ્વ. ભટ્ટ કિશોરકુમાર રમેશચંદ્ર શાસ્ત્રીના પરિવારને દુબઈ ટ્રિપ કરાવવાની લાલચ આપી પ્રણવ તમાકુવાલાએ લગભગ પાંચ લાખ રૂપિયાની રકમ વસૂલ કરી હતી. પરંતુ નિયત દિવસે પરિવાર અમદાવાદ એરપોર્ટ પર પહોંચતા જાણવા મળ્યું કે ટિકિટો રદ કરીને રિફંડ મેળવી લેવામાં આવ્યો છે. પ્રણવનો ફોન સ્વીચ ઓફ આવતા પરિવારને ઠગાઈનો ભોગ બન્યાનું જાણવા મળ્યું.

પછી આરોપીઓએ વારંવાર આશ્વાસન આપ્યા છતાં કોઈ યોગ્ય જવાબ ન મળતા પરિવારે પોતાના પૈસા પરત માંગ્યા. આ માટે પ્રણવ અને તેની પત્ની શ્વેતાએ અલગ અલગ બેન્કના ચેક આપ્યા હતા, જે બંને બાઉન્સ થયા હતા.

### ઘરમાં વિમલના થેલા અને તિજોરીમાંથી બીઅર અને ક્વોટરીઆ મળ્યા

# વાઘોડિયાના નરસિંહપુરા ગામે ઘરમાં વિદેશી દારૂ વેચતા ઈસમને પોલીસે ઝડપી પાડ્યો

**59,600ની** કિંમતનો વિદેશી દારૂ સાથે એક ઝડપાયો

(પ્રતિનિધિ) વાઘોડિયા,તા.18

વાઘોડિયા તાલુકાના નરસિંહપુરા ગામે હિતેશકુમાર ઉર્ફ ભોલો રમેશભાઈ મકવાણા ઉ.વ.૨૪ રહે. નરસીહપુરા ગામ પો.સાંગાડોલ તા. વાઘોડીયા જી.વડોદરા નાઓ કેટલા સમય થી પોતાના ઘરે ભારતીય બનાવટનો વિદેશી દારૂ વેચાણ કરતો હોવાની બાતમી વાઘોડિયા ડી સ્ટાફને મળતા વાઘોડિયા પોલીસે ચોક્કસ બાતમીના આધારે નરસિંહપુરા




ભોલા મકવાણાની ઘરે રેડ કરી હતી. રેડ દરમ્યાન વાઘોડિયા પોલીસે મકાનની તલાશી લેતા ઘરમાં એક વિમલના થેલામા તથા ઘરની અંદર તેજોરીમાં ભારતીય બનાવટના વિદેશી દારૂના પ્લાસ્ટિકના કવાટરીયા નંગ ૧૯૦ કિ.રૂ.૩૮૦૦૦/- તથા બીયરના ટીન નંગ ૧૦૮/- કિ.રૂ.૨૧૬૦૦/- મળી કુલ નંગ ૨૯૮/- જેની કુલ કિ.રૂ.૫૯,૬૦૦/- નો મુદ્દામાલ વગર પાસ પરમીટે પોતાના ઘરમાં રાખી છૂટક વેચાણ કરતો હોય રેઈડ દરમ્યાન વાઘોડિયા પોલીસે હિતેશકુમાર ઉર્ફ ભોલો રમેશભાઈ મકવાણા ને ઝડપી પાડી તેની સામે વાઘોડિયા પોલીસ મથકે લાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### ટુ-વ્હીલર ચાલકો સૌથી વધુ ભોગ બની રહ્યા

# જોખમી ભૂવો: 15 દિવસથી વાહન ચાલકો માટે માથાનો દુખાવો

**PWDને** તાત્કાલિક સમારકામ કરવા લોકમાગ ઉઠી

(પ્રતિનિધિ) સંખેડા, તા.18

સંખેડા તાલુકાના ગુંડીચા થી રામપુરા જવાના માર્ગ પર છેલ્લા 15 દિવસથી પડેલા મોટા ભૂવાને કારણે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. રોજેરોજ અનેક વાહનચાલકો, ખાસ કરીને ટુ-વ્હીલર ચાલકો આ ખાડામાં પટકાતા અકસ્માતોની ઘટનાઓ વધી રહી છે.

સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ આ ભૂવો લાંબા સમયથી યથાવત રહ્યો છે, છતાં માર્ગ અને મકાન વિભાગ (PWD) દ્વારા તેની મરામત માટે કોઈ અસરકારક પગલાં લેવામાં



આવ્યા નથી. પરિણામે અવરજવર કરનારા લોકોમાં રોષ ફેલાયો છે. વાહનચાલકોનું કહેવું છે કે, "આ ખાડો અકસ્માતોને આમંત્રણ આપી રહ્યો છે, છતાં અધિકારીઓનું ધ્યાન આ તરફ નથી. જો સમયસર સમારકામ નહીં થાય તો કોઈ મોટી દુર્ઘટના પણ સર્જાઈ શકે છે."

સ્થાનિકો દ્વારા તાત્કાલિક સમારકામની માંગ ઉઠાવવામાં આવી છે, જેથી વધુ અકસ્માતોને અટકાવી શકાય અને માર્ગ સુરક્ષિત બને.

## પાદરામાં યુવતિએ પતિ સહિત 4 સાસરીયાઓ સામે દહેજ અને ત્રાસની ફરિયાદ

પાદરા, તા. 18

પાદરા પોલીસ સ્ટેશનમાં પાદરાની એક પરિણીતાએ પોતાના પતિ, સાસુ-સસરા અને નણંદ સામે શારીરિક તથા માનસિક ત્રાસ, દહેજની માંગણી અને જાનથી મારી નાખવાની ધમકીઓ બાબતે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, પાદરા પોલીસ સ્ટેશન માં નોંધાયેલ ગુન્હા મુજબ ફરીયાદી હેત્વીબેન રાજેન્દ્રસિંહ સોલંકી , ઉંમર ૨૩ વર્ષ, રહે. પાદરા, ના લગ્ન તા.૧૮/૦૮/૨૦૨૪ના રોજ પાટણ ખાતે રહેતા આદિત્ય જયપ્રકાશ વ્યાસ સાથે થયા હતા. લગ્નના એકાદ માસ બાદથી સાસરી ખાતે પતિ આદિત્ય વ્યાસ, તથા અન્ય ત્રણ દ્વારા એકત્રીત થઈ શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હોવાનો આક્ષેપ ફરિયાદમાં કરવામાં આવ્યો છે.

### ટિકિટ મુદ્દે અંદરની ખેંચતાણ, 'હરાવવાની' ચેતવણીથી રાજકારણ ગરમાયું

# ડભોઈ નગરપાલિકાની ચૂંટણી પહેલા જ જુથબંધીના સંકેત: વોર્ડ નં. 7 ચર્ચાના કેન્દ્રમાં

**ભાજપના** ગઢમાં ગાબડાંની આશંકા, માઇક્રો પ્લાનિંગ સામે આંતરિક અસંતોષ

(પ્રતિનિધિ) ડભોઈ, તા.18

ડભોઈ નગરપાલિકાની આવનારી ચૂંટણી પહેલા જ રાજકીય માહોલ ગરમાયો છે. છેલ્લા સામાન્ય સભા પૂર્ણ થયા બાદ વર્તમાન સભ્યોમાં ટિકિટ વિતરણને લઈને જુથબંધીના સંકેતો સ્પષ્ટ જોવા મળી રહ્યા છે.

નગરપાલિકા પટાંગણમાંથી મળતી માહિતી મુજબ, નામ ન આપવાની શરતે એક સભ્યે જણાવ્યું કે, "મને ટિકિટ ન મળે તો ચાલે,



પરંતુ જો એક નિશ્ચિત મહિલા ઉમેદવારને ટિકિટ આપવામાં આવશે તો તેમને જાહેરમાં હરાવવા માટે પ્રયત્ન કરીશ– જો પાર્ટીમાંથી કાઢી મુકવામાં આવે તો પણ." આ નિવેદન બાદ વોર્ડ નં. 7 સહિત સમગ્ર નગરમાં રાજકીય ચર્ચાઓ તેજ બની છે.

ઉલ્લેખનીય છે કે વોર્ડ નં. 7 પરંપરાગત રીતે ભાજપનો મજબૂત ગઢ રહ્યો છે. વર્ષ 2015ની ચૂંટણીમાં ભાજપે આ વોર્ડની ચારેય બેઠકો જીતેલી હતી. પરંતુ હાલની પરિસ્થિતિમાં જો આ ગઢમાં આંતરિક મતભેદો ઊભા થશે, તો પાર્ટીને નુકસાન થવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે. એક તરફ ભાજપ આવનારી ચૂંટણીને ધ્યાનમાં રાખીને માઈક્રો પ્લાનિંગમાં વ્યસ્ત છે, ત્યારે બીજી તરફ આંતરિક અસંતોષ અને વ્યક્તિગત અહમના મુદ્દાઓ ગણતરી બગાડી શકે તેવી સ્થિતિ ઉભી થઈ રહી છે.

ગુજરાતી કહેવત મુજબ 'સ્ત્રી હઠ, રાજહઠ અને બાળહઠ'–આ ત્રણે પરિસ્થિતિમાં નિર્ણયો મુશ્કેલ બની જાય છે. હાલ ડભોઈના રાજકારણમાં 'રાજકીય હઠ' અને 'વ્યક્તિગત અહમ'ની અસર સ્પષ્ટ જોવા મળી રહી છે.

# ડભોઈમાં આંગણવાડી બહેનોની ત્રણ દિવસીય હડતાલ, ઉગ્ર આંદોલનની ચીમકી

(પ્રતિનિધિ) ડભોઈ, તા.18

ડભોઈ ખાતે 199 આંગણવાડી બહેનો દ્વારા પોતાના પડતર પ્રશ્નોને લઈ ત્રણ દિવસીય હડતાલ શરૂ કરવામાં આવી છે. બહેનોનો આક્ષેપ છે કે વારંવાર રજૂઆતો કરવા છતાં તેમની સમસ્યાઓનું કોઈ યોગ્ય નિરાકરણ કરવામાં આવ્યું નથી, જેના કારણે હવે તેમને આંદોલનનો માર્ગ અપનાવવો પડ્યો છે.આંગણવાડી કાર્યકર્તાઓ એ જણાવ્યું હતું કે એપ્લિકેશન AVT અને પોષણ ટ્રેકર માં સતત ટેકનિકલ ખામીઓ આવી રહી છે. ઘણીવાર સર્વર ડાઉન થઈ જતા તેમની કામગીરી સંપૂર્ણપણે ઠપ થઈ જાય છે, જેના કારણે લાભાર્થીઓ સાથે અનિચ્છનીય તણાવ સર્જાય છે.

આ ઉપરાંત હાઈકોર્ટ દ્વારા નિર્ધારિત પગાર ન મળતા બહેનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. કામનો બોજ વધતો જાય છે, પરંતુ



તેની સામે સુવિધાઓ અને વેતનમાં કોઈ સુધારો થતો નથી, તેવી પણ તેઓએ વ્યથા વ્યક્ત કરી હતી. ડભોઈના APMC ગ્રાઉન્ડ ખાતે મોટી સંખ્યામાં એકત્રિત થયેલી બહેનો દ્વારા ભારે નારાબાજી કરવામાં આવી અને સંગઠનના નેતૃત્વ હેઠળ એકતા સાથે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.આંગણવાડી બહેનોએ સરકારના મહિલા સશક્તિકરણના દાવાઓ સામે પણ સવાલ ઉઠાવ્યા હતા. તેમણે ચેતવણી આપી હતી કે જો તેમની માંગણીઓનો વહેલામાં વહેલી તકે ઉકેલ નહીં આવે તો આગામી સમય માં ગાંધી ચીંધ્યા માર્ગે વધુ ઉગ્ર આંદોલન હાથ ધરવામાં આવશે.

### ગ્રામજનોએ મુખ્યમંત્રી કાર્યાલયમાં રજૂઆત કરી હતી

# છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના ઉચાપાણ ગામે સરપંચ સામે ગંભીર આક્ષેપો ઉઠ્યા

**સમગ્ર** કૌભાંડને કારણે સરકારને રોયલ્ટી રૂપે મોટું આર્થિક નુકસાન થઇ રહ્યું છે

(પ્રતિનિધિ) જેતપુરપાવી ,તા.18

સરપંચ દ્વારા આશરે પાંચ હજાર ટ્રેક્ટર જેટલી સરકારી માટી ગેરકાયદેસર રીતે વેચાણ કરવામાં આવી હોવાની ફરિયાદ સામે આવી છે. આ મામલો બહાર આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

મળતી માહિતી અનુસાર, ઉચાપાણ જૂથ ગ્રામ પંચાયત વિરુદ્ધ બોડેલી તાલુકા પંચાયત ના વિરોધ પક્ષ નેતા જીગ્નેશભાઈ ઈશ્વરભાઈ રાઠવાએ સર્વે નંબર ૨૦૬ હેઠળની સરકારી જમીનમાંથી મોટા પાયે માટી કાઢી તેને જેસિંગપુરા ગામે બની રહેલા હોસ્ટેલના બાંધકામમાં વેચાણ કરી હોવાનો આક્ષેપ કર્યો છે. સાથે ગ્રામજનોએ આ અંગે મામલતદારને જાણ કરી હોવા છતાં કોઈ અસરકારક કાર્યવાહી ન થતાં લોકોએ સીધી મુખ્યમંત્રી કાર્યાલયમાં રજૂઆત કરી હતી.

ગ્રામજનોની અરજીને પગલે મુખ્યમંત્રી કાર્યાલયે આ મામલાને ગંભીરતાથી લઈને જિલ્લા કલેક્ટરને તપાસ સોંપી છે અને વિગતવાર અહેવાલ માંગ્યો છે. તપાસના આદેશ મળતા જ પંચાયતના જવાબદાર વર્ગમાં ચિંતા અને ફફડાટ જોવા મળી રહ્યો છે.

આ સમગ્ર કૌભાંડને કારણે સરકારને રોયલ્ટી રૂપે મોટું આર્થિક નુકસાન થયાનું પણ સામે આવી રહ્યું છે. સરકારી સંપત્તિની આ રીતે ચોરી થવા છતાં સ્થાનિક સ્તરે યોગ્ય પગલાં ન લેવાતા લોકોને ઉચ્ચ સ્તરે રજુઆત કરવાની ફરજ પડી છે.

ઉલ્લેખનીય છે કે, ઉચાપાણ ગામમાંથી સરપંચ દ્વારા જ મોટા પાયે માટી કાઢી ટ્રેક્ટર મારફતે ખસેડવામાં આવી હોવાનું ગ્રામજનોમાં ભારે રોષનું કારણ બન્યું છે. હાલ જિલ્લા પ્રશાસન દ્વારા તપાસ શરૂ થતા આગળ શું કાર્યવાહી થાય છે તેના પર સૌની નજર છે.